જન્મભૂમિ પ્રવાસી

મુંબઈ, રવિવાર, તા. ૧૫-૧-૨૦૧૨ ટપાલની આવૃત્તિ સોમવાર, તા. ૧૬-૧-૨૦૧૨

# પ્રમુખીય લોકશાહી અને નિયંત્રિત લોકશાહી : કઈ વધુ યોગ્ય ?

**'જન્મભૂમિ પત્રો'ના મુખ્ય તંત્રી કુન્દન વ્યાસે તા. ૧૧-૧૨-૨૦૧૧ના 'જન્મભૂમિ પ્રવાસી'ની 'મધુવન' પૂર્તિમાં લખેલા લેખમાં નિયંત્રિત લોકશાહી વિશે અને કટોકટી કાળમાં મહારાષ્ટ્રના કોંગ્રેસી નેતા વસંત સાઠે 'લિમિટેડ ડેમોક્રસી' અને પ્રમુખશાહીની હિમાયત કરતા હતા તેનો ઉલ્લેખ કર્યો હતો. આ સંદર્ભમાં આપણા દેશ માટે નિયંત્રિત લોકશાહીની તુલનાએ પ્રમુખશાહી પદ્ધતિની લોકશાહી વધુ યોગ્ય હોવાનું તથા તે શા માટે યોગ્ય છે તે વિશેના પોતાના વિચારો લેખકે અહીં રજૂ કર્યા છે.....**

**આ**પણા દેશ માટે પ્રમુખશાહી સરકારની અનુકૂળતા વિશે આપણા રાજકારણીઓ અવારનવાર ઉલ્લેખ કરી તેની ચર્ચાવિચારણા કરતા રહ્યા છે. (વસંત સાઠે ઉપરાંત અંતુલે અને ભાજપ વતી અટલ બિહારી વાજપાઈ, અડવાણી અને રામકૃષ્ણ હેગડેએ પ્રમુખશાહી સરકારની તરફેણ કરી છે, પણ આ ચર્ચા કરતી વખતે તેઓ કયા પ્રકારની પ્રમુખશાહીની હિમાયત કરે છે તે વિશે પૂરતી સ્પષ્ટતા તેમણે કરી નથી. વસંત સાઠે અને અંતુલેએ કટોકટી વખતે ઈન્દિરા ગાંધીને સમર્થન આપ્યું હતું અને તેઓ ખરેખર સાચી લોકશાહી 'ઢાંચાવાળી પ્રમુખીય શાસન પદ્ધતિ'ની હિમાયત કરતાં હતાં કે પછી ઈન્દિરા ગાંધીની પ્રમુખશાહીના અંચળા હેઠળ વધારે સત્તા પ્રાપ્ત થાય તેવી પ્રમુખશાહીની હિમાયત કરતા હતા તે વિશે શંકા ઊભી થઈ હતી). તેઓ ફક્ત રાજકીય સ્થિરતા પૂરી પાડવાના એકમાત્ર ઉદ્દેશથી જ પ્રમુખશાહી પદ્ધતિની હિમાયત કરતા હોય અને જો તેઓનો ઈરાદો એવી પ્રમુખશાહી પદ્ધતિ અપનાવવાનો હોય કે જેમાં પ્રધાનમંડળના સભ્યોની પસંદગી સંસદમાંથી જ કરવાની હોય તો આવી પદ્ધતિમાં પ્રધાનો પર સંસદ અંકુશ રાખી શકે કે કેમ અને પ્રમુખ પોતે પણ સંસદસભ્યોની શેહમાં આવ્યા વગર પોતાની કામગીરી બજાવી શકે કે નહિ એ પ્રશ્નો ઊભા રહે છે. આ ઉપરાંત રાજકારણની બહારના ક્ષેત્રમાંથી નિષ્ણાત અને બાહોશ વ્યક્તિઓનો પ્રધાનમંડળમાં સમાવેશ થવા વિશે પણ શંકા રહેશે.

સાચી પ્રમુખીય લોકશાહી, અમેરિકા અને મહદંશે ફ્રાંસમાં અપનાવેલી છે તે સત્તાના વિભાજન, અંકુશો અને સમતુલાના સિદ્ધાંત પર રચાયેલી છે, જે મુજબ સંસદનાં બન્ને ગૃહોને કાર્યવાહીમાંથી એટલે કે પ્રધાનમંડળની પસંદગીમાંથી સંપૂર્ણ રીતે અલગ રાખવામાં આવ્યાં છે. પ્રમુખને પ્રધાનોની પસંદગી ગમે ત્યાંથી કરવાની છૂટ છે. તે ધારે એ પ્રમાણે દેશના ઉચ્ચ કક્ષાના બુદ્ધિમાન પ્રતિભાશાળી લોકોમાંથી પોતાના પ્રધાનમંડળની વરણી કરી શકે છે. સામાન્ય રીતે દરેક વિષયના નિષ્ણાત અને કાર્યદક્ષ માણસોની વરણી કરવામાં આવે છે. પૂરતા અંકુશો અને સમતુલા વગર પ્રમુખ પદ્ધતિમાં પ્રમુખ અમર્યાદિત સત્તા ભોગવી શકે છે. (જોકે, આ વસ્તુસ્થિતિ કોઈ પણ લોકશાહી પદ્ધતિને લાગુ પડે છે.) આનાં સંખ્યાબંધ ઉદાહરણો આપી શકાય, જેમ કે વિકાસશીલ રાષ્ટ્ર તરીકે ઓળખાવી શકાય એવા મેક્સિકોએ એવી પ્રમુખશાહી અપનાવી છે, જેની રૂએ

જશવંત બી. મહેતા

પ્રમુખ એકવાર ચૂંટાઈ આવ્યા બાદ પોતાનો મનગમતો નિર્ણય અમલમાં મૂકી શકે છે. પ્રમુખે બહાર પાડેલા કાયદા અદાલતો ઊથલાવી શકતી નથી. એટલું જ નહિ, બલકે વિધાનસભા એના વીટોની ઉપરવટ પણ જઈ શકતી નથી. આમ છતાં આનું એકમાત્ર ઊજળું પાસું એ છે કે સત્તાસ્થાને બિરાજતો પ્રમુખ હોદ્દાની મુદત પૂર્ણ થતાં બીજી વાર ચૂંટણીમાં ઝંપલાવી શકતો નથી. એક મેક્સિકોના રાજકીય વિશ્લેષકે મેક્સિકોના પ્રમુખને છ વર્ષની મુદત માટેના 'અર્ધ બાદશાહ' અને 'અર્ધ પોપ' તરીકે લેખાવ્યો છે.

એ નિઃશંક છે કે સાચી પ્રમુખીય લોકશાહી આપણી હાલની સંસદીય પદ્ધતિ કરતાં અનેક રીતે યોગ્ય પુરવાર થશે. આ લેખકના મત મુજબ, જે રીતે આપણા રાજકારણીઓને હાલનું રાજકારણ કે શાસન પદ્ધતિ પોતાના અંગત સ્વાર્થ માટે સદી ગયું છે. તે જોતાં તેઓ

Continued page 2

PAGE II

સાચી પ્રમુખશાહી શાસન પદ્ધતિ, દેશના હિતમાં હોય તોપણ વિકલ્પ તરીકે સ્વીકારશે કે કેમ એ મોટો પ્રશ્ન છે. આના માટે પ્રજાજનોએ અને ખાસ કરીને બૌદ્ધિકોએ સક્રિય ભાગ ભજવવો પડશે અને જનમત જાગ્રત કરવા અથાગ પ્રયત્નો કરવા પડશે.

આપણા બંધારણના ઘડવૈયાઓ તેમણે ઘડેલા બંધારણની ફળશ્રુતિરૂપે છેલ્લાં ૬૦ વર્ષની આપણી સંસદીય કાર્યપદ્ધતિની સમીક્ષા કરવા જો હયાત રહ્યા હોત તો હાલની સંસદીય લોકશાહીના વિકલ્પ તરીકે સાચી પ્રમુખીય લોકશાહીની યોગ્યતા માટે મુક્ત મને ચર્ચાવિચારણા કર્યા વગર રહેત નહિ તે નિઃશંક છે. આના સંદર્ભમાં બંધારણસભાના પ્રમુખ ડૉ. બાબાસાહેબ આંબેડકરની બંધારણસભા માટેની નોંધ ઘણી સૂચક અને જાણે કે તેઓ ભવિષ્યની આગાહી કરી ગયા હોય તેવી લાગે છે. તેમણે જણાવ્યું હતું કે, ''નાતજાત અને સંપ્રદાયો વચ્ચેનાં ઘર્ષણોને લક્ષમાં લેતાં ભારતની સંસદમાં અસંખ્ય પક્ષો અને જૂથો સર્જાશે તેવી પૂરેપૂરી શક્યતા છે. આવી પરિસ્થિતિમાં, એક વાત નિશ્ચિત છે કે આપણે અપનાવેલી સંસદીય પદ્ધતિમાં સ્થિર સરકાર હોવી મુશ્કેલ હશે. આવાં પક્ષો અને જૂથો પોતાના નજીવા સ્વાર્થ માટે અંદરોઅંદર સતત લડતાં રહેશે અને સરકારને ઊથલાવવાની પેરવી કરતાં રહેશે. વારંવાર પતન થતી સરકારથી દેશમાં અરાજકતા ફેલાશે. જો આમ બને તો અમેરિકન ઢબની સરકાર કે જે પણ સંસદીય પદ્ધતિ જેટલી જ લોકશાહીવાદી અને જવાબદાર શાસન પદ્ધતિ છે, તે આપણો વિકલ્પ બની રહેશે.''

એ હકીકત છે કે આઝાદી મેળવ્યા પછીનાં ૬૪ વર્ષના ગાળામાં ભ્રષ્ટાચાર એકસરખો વધતો જ રહ્યો છે. આ અગાઉ ૧૯૭૪-૭૫ જયપ્રકાશ નારાયણના નેતૃત્વ હેઠળ નવનિર્માણ આંદોલન વખતે દેશભરમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ વ્યાપક ચળવળ થઈ હતી. કોઈ પણ રાજકીય પદ્ધતિ હોય, પછી તે લોકશાહી હોય કે સરમુખત્યારશાહી હોય કે ૧૯૯૦ સુધી રશિયાએ અપનાવેલી સામ્યવાદી પદ્ધતિ હોય (કે જેમાં ભ્રષ્ટાચારી અમલદારોને જાનથી મારવાનું પણ સરકાર માટે કોઈ પણ પ્રકારની કાર્યવાહી વગર આસાન હતું) ભ્રષ્ટાચારને સંપૂર્ણપણે ડામવો અશક્ય છે. લોકશાહીમાં જોઈતા અંકુશો અને સમતુલા હોવાં જરૂરી છે, જેથી ભ્રષ્ટાચાર મહદ્‌અંશે કાબૂમાં રહે. સંસ્કૃતમાં એક જાણીતી કહેવત છે કે 'યથા રાજા તથા પ્રજા' આપણી લોકશાહીમાં પ્રધાનમંડળની સરખામણી રાજાની સાથે થઈ શકે અને પ્રધાનમંડળમાં વ્યાપેલા ભ્રષ્ટાચારની ધીરેધીરે છેલ્લાં ૬૦ વર્ષમાં પ્રસરતી અસર આજે છેક નીચલા સ્તર સુધી પહોંચી ગઈ છે. આજે તો પ્રામાણિક સરકારી નોકર પણ મળવો મુશ્કેલ છે.

છેલ્લા ૧૫ મહિનાથી ભ્રષ્ટાચારનાં એકસરખાં કૌભાંડો મીડિયામાં પ્રસિદ્ધ થતાં રહેવાથી લોકપાલ બિલ કે જે છેલ્લાં ૪૨ વર્ષથી કોઈ ને કોઈ કારણસર પાછું ઠેલાતું રહ્યું હતું તેના અમલીકરણ માટે અણ્ણા હઝારેએ આદરેલા આંદોલન અને ઉપવાસથી સરકાર પ્રચંડ દબાણ હેઠળ આવી છે. આ સૂચવેલા ખરડા મુજબ લોકપાલ એ ન્યાયતંત્રની જેમ એક સ્વતંત્ર સંસ્થા રહેશે અને કોઈ પણ પ્રકારની શેહમાં આવ્યા વગર વડા પ્રધાનથી માંડીને કેન્દ્રના તથા રાજ્યોના સર્વે પ્રધાનો તથા સંસદસભ્યો અને સંપૂર્ણ નોકરશાહીનો તેમાં સમાવેશ કરવાની માગણી કરી છે. હાલની રાજકીય સંસદીય પદ્ધતિમાં ફેરફાર કરવો એ પાયાની જરૂરિયાત છે. હઝારે અને તેમના સાથીઓએ હાલની સંસદીય પદ્ધતિના વિકલ્પ તરીકે સાચી પ્રમુખશાહી માટે લોકપાલની તરફેણમાં શાસનપદ્ધતિ બદલવા માટેની ચળવળને વધારે પ્રાધાન્ય આપવાની જરૂર છે. નહીં તો લોકપાલના ખરડાનો અમલ થયે પણ ભ્રષ્ટાચાર અંકુશમાં આવશે કે નહિ તે શંકાસ્પદ છે. છેલ્લા ૧૫ મહિનાથી સ્પેક્ટ્રમ ૨જીની તપાસ સુપ્રીમ કોર્ટના આદેશ હેઠળ સી.બી.આઈ. ચલાવી રહી છે, પણ હજુ સુધી તપાસ કેટલી આગળ વધી? આજે તો ૯૦ ટકા પ્રધાનો અને સરકારી નોકરો રાજા કે કલમાડી કે યદુરપ્પા કે સુખરામની 'હરીફાઈ'માં ઊભા રહી શકે તેવા છે, ત્યારે આ બધાની સામે કાર્યવાહી કરવા માટે સેંકડો લોકપાલો અને તેને મસમોટો સ્ટાફ પણ શું કરી શકશે તે સવાલ ઊભો થાય છે.



**હું તમારા કરતાં વધારે પ્રામાણિક છું. તમારા પર ભ્રષ્ટાચારના આઠ કેસની કાર્યવાહી ચાલે છે, જ્યારે મારા પર ફક્ત છની જ કાર્યવાહી ચાલે છે!**